| | | |
|---|---|---|
| | સાબરમતી પોલીસ સ્ટેશન<br>અમદાવાદ શહેર<br>ફોન નંબર : ૦૭૯-૨૭૫૦૬૮૧૯ | |

# પ્રેસનોટ

## રૂ.૧૦.૯૫ લાખની લૂંટનો ભેદ ઉકેલી ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડતી સાબરમતી પોલીસ

તા.૧૮/૧૨/૨૦૧૯ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશનના કાળીગામ ગરનાળા પાસે ફોરેન કરન્સી એક્ક્ષ્ચેંજ કંપનીના કર્મચારી પાસેથી પોલીસની ખોટી ઓળખ આપી રૂ.૧૦.૯૫ લાખની લૂંટનો બનાવ બનવા પામેલ જે બાબતની ફરિયાદ સાબરમતી પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં. ૧૯૪/૧૯ ઇ.પી.કો. ક. ૩૯૨, ૩૯૪, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૭૦, ૧૧૪ તથા જી.પી.એક્ટ ક.૧૩૫(૧) મુજબ નોંધાયેલ જે ગુનાની ગંભીરતા ધ્યાને લઇ માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "એલ" ડિવિઝન અમદાવાદ શહેર નાઓએ તાત્કાલીક આરોપીઓની ધરપકડ કરી લૂંટમાં ગયેલ મુદ્દામાલ શોધી કાઢવા આપેલ સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઇન્સપેકટર શ્રી સાબરમતી પોલીસ સ્ટેશન નાઓની દોરવણી હેઠળ સર્વેલન્સ સ્ટાફના ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨, PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨ દ્વારા આ ગુનામાં ફરિયાદી તથા તેની સાથેના કર્મચારી ધ્રુવીલ ઉર્ફે હેરી ભરતભાઇ શાહ નાઓની કુનેહપૂર્વક પુછપરછ કરાતા આ લૂંટનું ષડયંત્ર ધ્રુવીલ શાહ તથા તેના મીત્ર યોગેશ પટેલ નાઓએ અન્ય બે ઇસમો સાથે મળી ઘડેલ હોવાનું જણાઇ આવતા તાત્કાલીક સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. તથા સ્ટાફની ટીમો બનાવી આ ગુનામાં સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરેલ અને ગણતરીના કલાકોમાં લૂંટ સંડોવાયેલ અન્ય ત્રણ આરોપીઓની અટકાયત કરી લૂંટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂ.૧૦,૭૦,૦૦૦/- તથા ગુનામાં વપરાયેલ મો.સા. રીકવર કરી સારી કામગીરી કરવામાં આવેલ છે.

ધરપકડ કરવામાં આવેલ આરોપીઓ :

(૧) ધ્રુવીલ ઉર્ફે હેરી ભરતભાઇ શાહ ઉ.વ.૨૨ રહે. રામનગર સાબરમતી

(૨) યશ શૈલેષભાઇ પટેલ ઉ.વ.૨૦ રહે. રામનગર સાબરમતી

(૩) નરેશ ઉર્ફે નયન મેલાભાઇ દેસાઈ ઉ.વ.૨૧ રહે. અચેર ડેપો પાસે, સાબરમતી

તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર એક કિશોરને નજર કેદ હેઠળ રાખવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) પો.સ.ઇ. બી.પી.ભેટારીયા (૨) ASI રામમોહન ધરમસિંહ બ.નં.૮૧૪૨ (૩) PC મોઘજીભાઈ વિરમભાઈ બ.નં.૮૩૦૨ (૪) LR અજયકુમાર નરસિંહભાઇ બ.નં.૧૪૦૨ (૫) (૬) ASI જયંતીભાઇ દેવજીભાઇ બ.નં.૭૫૩૬ (૭) HC કમરૂદીન હુસેનમીયાં બ.નં.૪૧૦૧ (૮) HC કિરીટકુમાર નાગરભાઇ બ.નં.૪૨૨૬ (૯) PC રાજુભાઇ સાગરભાઇ બ.નં.૫૭૯૯ (૧૦) LR ભાગ્યપાલસિંહ વિજયસિંહ બ.નં.૧૨૦૪૭